રજૂ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૨/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૪.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૯/૨૦૨૬.**

**અરજદાર :–** **જાનવી (જાહ્નવી) તે અશોકભાઇ નરોત્તમભાઇ ચૌધરીની પુત્રી તે તુષારકુમાર ચૌધરીની પત્ની,**
રહેવાસી : નિશાળ ફલીયું, કણજા,
તાલુકો : વ્યારા, જીલ્લો : તાપી.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

==================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી એન. આર. પાટીલ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૬–૦૧૭૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા

સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ. વકીલ શ્રી એન. આર. પાટીલની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટાં છે. હાલના અરજદારના લગ્ન સહઆરોપી તુષારકુમાર સાથે થયેલા છે અને અરજદાર બનાવ સમયે પોતાની સાસરીમાં હતા. અરજદારે મરનારને કોઈ ફોન કરેલ નથી કે કોઇ ધાક ધમકી આપેલ નથી. સહઆરોપી કિર્તીરાજના નિવેદનના આધારે અરજદારને સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર બનાવ સ્થળે હાજર ન હતા. અરજદારે મરનારનું અપહરણ કરવામાં કે અટકાયત કરવામાં કે આપઘાતનું દુષ્પ્રેરણ કરવામાં કોઇ ભૂમિકા ભજવેલ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની કોઈ જરૂર જણાતી નથી. અરજદાર તાપી જીલ્લાના કાયમી રહેવાસી છે. હાલમાં જ અરજદારના લગ્ન થયેલ હોવાથી તેઓને જેલમાં જવાનું થાય તો તેઓના લગ્નજીવનમાં ભંગાણ પડે તેવી શક્યતા છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. મરણ જનારે સહઆરોપી પ્રિયાંશીકુમારીના મોબાઇલ ફોનમાંથી અરજદાર તથા સહઆરોપી કિર્તીરાજના ફોટોગ્રાફ્સ તથા વિડિયો મેળવી હાલના અરજદારના પતિ સહઆરોપી તુષારકુમારને મોકલી

આપી નાણાંની માંગણી કરેલ, જેથી તમામ આરોપીઓએ ભેગા મળી મરણ જનારનું કડોદ ખાતેથી અપહરણ કરી અરજદાર તથા તેણીના પતિ તુષારકુમારના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરતાં મરનારે નહેરમાં કૂદી જઇ આપઘાત કરેલ. આમ, હાલના અરજદારે મરનારનું અપહરણ કરવામાં, પોતાના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપવામાં તથા મરનારને આપઘાત માટે મજબૂર કરવામાં સહઆરોપીઓને મદદ કરી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. પોલિસ તપાસના કાગળો જોતાં હાલનો ગુનો આરોપીઓએ એકબીજાની મદદગારીમાં કરેલ હોવાનું જણાઈ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં. મૂળ ફરિયાદીએ સોગંદનામું રજૂ કરેલ છે અને તેઓએ અરજદારની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૪૦(૨), ૧૨૭(૨), ૧૦૮, ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. સહઆરોપી પ્રિયાંશીકુમારી અને મરણ જનાર વચ્ચે પ્રેમસંબંધ ચાલી આવેલ અને સહઆરોપી કિર્તીરાજ તથા અરજદાર વચ્ચે પણ પ્રેમસંબંધ ચાલી આવેલ. હાલના અરજદારનો સહઆરોપી કિર્તીરાજ સાથે પ્રેમસંબંધ હતો તેની જાણ અરજદારના પતિ તુષારકુમારને ન હતી. અરજદારના લગ્ન બાદ સહઆરોપી કિર્તીરાજ, પ્રિયાંશીકુમારી તથા સાહેદ રોશની હાલના અરજદારને વ્યારા ખાતે ફરવા લઈ ગયેલા, જયાં સહઆરોપી પ્રિયાંશીકુમારીએ પોતાના મોબાઈલ ફોનમાં સહઆરોપી કિર્તીરાજ તથા અરજદારના ફોટોગ્રાફ લીધેલ તથા વિડિયો પણ ઉતારેલ, જે ફોટોગ્રાફસ તથા વિડિયો સહઆરોપી પ્રિયાંશીકુમારીની જાણ બહાર મરનારે લઈ લીધેલ અને તેમાં મરનારે એડિટીંગ

કરેલ સહઆરોપી તુષારકુમારના ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. ઉપર મોકલી આપેલ અને પુરાવા આપવાના બદલામાં રૂપિયાની માંગણી કરેલ, જેથી તમામ આરોપીઓએ મરણ જનારનું કડોદ ખાતેથી અપહરણ કરી, કણજા ગામ ખાતે અરજદારના ઘરમાં ગોંધી રાખી માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરેલ હોવાનો આક્ષેપ જણાઇ આવે છે. પોલિસ તપાસના કાગળો જોતાં જણાઇ આવે છે કે, મરનારે સહઆરોપી પ્રિયાંશીકુમારીને નહેર પાસે બોલાવેલ અને પ્રિયાંશીકુમારીએ અરજદારને આ અંગે ફોન ઉપર જણાવતાં અરજદારે સહઆરોપી કિર્તીરાજને બનાવ સ્થળે જવા જણાવેલ. નહેર પાસે મરનાર જેનીલ, સહઆરોપી કિર્તીરાજ તથા પ્રિયાંશીકુમારીનાઓ ભેગા થયેલા અને વાતચીત કરેલ અને સહઆરોપી પ્રિયાંશીકુમારી એક્ટિવા ગાડી લઇને ઘરે જવા નીકળી ગયેલ, જયારે સહઆરોપી કિર્તીરાજ થાર ગાડી લઇને જતા હતા ત્યારે કારના સાઇડ ગ્લાસમાં જેનીલને નહેરમાં કૂદતાં જોયેલ અને સહઆરોપી કિર્તીરાજે પોલિસને જાણ કરેલ. આમ, હાલના અરજદારે સહઆરોપીઓ સાથે મળી મરનારનું અપહરણ કરી, અરજદારના ઘરમાં ગોંધી રાખી, માનસિક ત્રાસ આપી, મરવા માટે મજબૂર કરી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. પોલિસ તપાસના કાગળો જોતાં જણાઇ આવે છે કે, અરજદારનો સહઆરોપી કિર્તીરાજ સાથે પ્રેમસંબંધ ચાલી આવેલ અને અરજદાર સહઆરોપી તુષારકુમાર સાથે લગ્ન કર્યા બાદ પણ સહઆરોપી કિર્તીરાજ સાથે વ્યારા તથા ગોવા ખાતે ફરવા ગયા હતા. હાલનો ગુનો ગંભીર પ્રકારનો છે. સદર ગુનો તમામ આરોપીઓએ એકબાજીની મદદગારીમાં આચરેલ હોવાનું પણ જણાઇ આવે છે. નોંધનીય છે કે, સહઆરોપી પ્રિયાંશીબેને ઉપરોકત બાબત પોલિસને જણાવેલ છે, પરંતુ હાજર તપાસનીશ અધિકારીશ્રીએ ખુલાસો કરતાં જણાવેલ છે કે, તેઓએ સ્થાનિકે જઇ ઘટનાક્રમનું રીકન્સ્ટ્રકશન કરતાં હાલના સહઆરોપીની પોલિસને આપવામાં આવેલ જાણકારી ખોટી જણાઇ આવેલ છે. હાલમાં સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ છે અને નાજુક તબકકામાં છે, ત્યારે સદર ગુનાની તલસ્પર્શી તપાસ માટે અરજદાર/આરોપીના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું પણ જણાઇ આવે છે. આમ, ઉપરોકત

હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદાર/આરોપી જાનવી (જાહ્નવી) તે અશોકભાઇ નરોત્તમભાઇ ચૌધરીની પુત્રી તે તુષારકુમાર ચૌધરીની પત્નીની હાલની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૯/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582